# શ્રી પ્રજાપતિસમાજ (યુ.કે.)

Established 1975 www.spawellingborough.co.uk Charity no. 802570






# વેલીગબરોશાખાનો સમાચાર પત્ર


અંક૭૩ ફેબ્રુઆરી ૨૦૦૯

બધો પત્ર વ્યવાર ધીરૂભાઇ મિસ્ત્રી

83 Midland Road, Wellingborough, NN8 1LU


## સ્વાગત

**આપણા સમાજના ઈ.સ.૨૦૦૯ ના પહેલા સમાચાર પત્રમાં આપ સર્વેને જયશ્રીક્રિષ્ણ, આ સમાચાર પત્રમાં માહિતી તથા સમાજ ને લગતી અગત્યની સુચનાઓ અને આપણા સમાજની બધીજ પ્રવૃતીનો સમાવેસ કરવામા આવેલ છે. તમારા માટે અને આવતી પેઢી માટે પ્રવૃતી તેમજ માહિતી ભરપુર સમાચાર જરૂરથી વાંચજો, હા આપણી બધાની જીંદગી ઘણીજ કામકાજમાં રોકાયેલ છે પરંતુ થોડો સમય સમાજ માટે કાઢસો બધાને લાભ થશે. આપને મળવાની આશાથી..........**

---

## અગત્યની તારીખો

૬.૨.૦૯ વિશ્વકર્માજંયતિ-જલારામભોજન વેલીગબરો મંદિર

૨૮.૨.૦૯ યુથબોલ, બરમીંગહામ - "લેટીને ફીવર"

૨૬.૪.૦૯ મહિલા સમેલન નનીટન "ગોઈગ ગ્રીન"

૯.૫.૦૯ વેનડલ વોક, વેલીગબરો.

૧૭.૫.૦૯ હેચ-ક્યુ એ, જી. એમ. વોલસોલ

૩૦.૫.૦૯ ભુવનેશ્વરીમાતજી સમુહ ક્થા, વેલીગબરો

૨૮.૬.૦૯ ફેમીલીડે આઉટીંગ, વિક્સ્ટીડપાર્ક, કેટરીંગ

૨૨.૮.૦૯ સ્પોર્ટ ડે, હાટફીલ્ડ યુનીવરસીટી

૧૪.૧૧.૦૯ શાખાની વાર્ષિક પાંટી, કલ્બડાયાના. વેલીગબરો

## મધ્યસ સંસ્થાની પ્રતિનીધી ની સભા

આવર્ષ ની બીજી મધ્યસ સંસ્થાની સભા વેલીંગબરો ખાતે રવિવારે ૧૮,મી જાન્યુઆરી ૨૦૦૯, હિન્દુ કોમ્યુનીટી સેનટર હાઈફિલ્ડ રોડ પર રાખેલ હતી.આ આપણા માટે ગર્વની વાત છે કે સર્વત ઈંગલેન્ડની શાખાઓ વેલીંગબરોમાં ભેગી હતી અને આશરે ૧૦૦ જેટલા મહેમાનો આપણે ત્યા આવ્યા હતા.આવા ભગીરથ કાર્ય માટે આપ સર્વે સભ્યોએ હમોને મદદ અને સહકાર આપ્યો તેમનો ઘણો ઘણો આભાર અને આપણા મહેમાને આહિથી તૃપ્ત થય આપણી શાખાએ **પોંડ ૫૦૧** દાન નવસારી આશ્રમ માટે આપ્યુ હતુ તેનો ફોટો આપ અંગ્રેજી સમાચાર ની કોપી મા જોય શકો છો.

# બોલીવુડ ફાન્સીડ્રેસ પાર્ટી

આ વર્ષે બોલીવુડ પાર્ટીમા તો બહુજ મઝા આવી ગઈ.દરેક સમીતીના સભ્યો તથા મદદ કરનાર દરેકને ધન્યવાદ. આ સફળતાનુ કારણ સમાજ ના સભ્યોની મહેનત અને એકતા છે. આભગીરથ કાર્યમા સમાજે ૧૬૦ વ્યકિતઓને આનંદ આપ્યો, અને આપણા સમાજની ફંડ ભેગા કરવાની પ્રર્વુતી ઘણીજ સફળતા મળી, સમાજ ની સમીતી એ પૌંડ ૬૦૦.ફાળો ભેગો કર્યો છે તે આપણી ચેરીટી ની પ્રર્વુતી મા વપરાશે. આગામી સમાજની પાર્ટી ૧૪ નવેમબર ૨૦૦૯, કલ્બ ડાયાના, વેલીગબરોમાં છે તેની ણોધ લેશો. થીમ માટે સુચન હોય તો જણાવસો.

# શાખાનુ સમાજ સેવાનુ કાર્ય,

દર વર્ષ જેમ આવખતે આપણી વેલીંગબરો શાખા સમાજ સેવા અને ચેરીટી કાર્યમાં પાછળ રહેતા નથી. આપણી શાખાની ફાળો ભેગો કરવામાટે સારી એવી પ્રર્વૃતી કરે છે. આ વર્ષે વેનડલ વોક, ભુવનેશ્વરીમા સમુહ કથા,અને નવેમબર મા વાર્ષિક પાર્ટી, અત્યાર સુથીમા આપણી શાખાએ **પોંડ, ૭૦૦૦.** નુ દાન આપી ચુકયા છે.આ વર્ષે પણ આપણે ત્રણ ચેરીટીને મદદ રૂપ થઈશું.

**૧, બ્રીટીશ હાર્ટ ફાઉંડેશન. ૨, પ્રોસ્ટેયટ કેનસે અને ૩, નવસારી આશ્રમ.**

જો આપ સમાજના આ ભગરીથકાર્યમાં ભાગ લેવાની ઇચ્છા ધરાવતો હો તો શ્રી ધીરૂભાઇ નો સંર્પક કરવા વિનતી.

આપણા સમાજ અને શાખા ગર્વથી કહેછે કે પોંડ ૫૦૧, નુ દાન શ્રી સ્વામીનારાણય મંદિરના નિવાર્ણથે આપ્યુ છે. એજ પ્રમાણે જયારે વેલીગબરો મંદિર અને નોરથામાપટન મદિરનુ કામ કાજ શરૂ થશે ત્યારે આ બન્ને સંસ્થા ને દાન આપીશું.

# સ્પોર્ટસ

દર ગુરૂવારે બેડમીંગટન કલ્બ. સાજે ૭.૧૫ થી ૮.૪૫ હિન્દુ કોમ્યુનીટી સેનટર, ફી છે ૩ પૌંડ પુકતવય માટે.બાળકો માટે ૧.૫૦.

નેટબોલ મગળવારે ૭ .૧૫ સાજે હિન્દુ કોમ્યુનીટી સેનટરમાં વધુ માહિતી કાજલ નો સંપર્ક કરો.

સમાજ ની બે બાળાઓ નોરથામપટન કાઉન્ટીમાં સ્પોર્ટસ રમે છે તે છે મીરા જે જુનીયર બેડમીંગટન અને તેણીને ૨૦૦પોડની ગ્રાંટ પણ મળેલ છે. નીષા જે હાલે નેટબોલ રમવા માટે નોરથામપટન કાઉન્ટી માં સીલેકટ થયા છે. બન્ને બાળાને સમાજ તરફથી કખુબ ખુબ અભીનંદન.

# શ્રીભુવનેશ્વરીમા સમુહ કથા

આ કથા નુ આયોજન તા.૩૦ મે ૨૦૦૯ શનીવારે હિન્દુ કોમ્યુનીટી સેન્ટરમાં સવારે ૯.૦૦ થી સાજો ૪.૦૦ વાગ્યા સુથી છે

એમના પોસટરો આવશે એપ્રીલ મહિનામાં, વધુ માહિતી માટે ધીરૂભાઇ ને સંપર્ક કરવો.

મુખ્ય યજમાન **૧૨૫.૨૫** અને યજમાન **૨૫.૨૫.** દાન લેવામાં આવશે.

# મહિલા સમેલન

આ વર્ષ નુ મહિલા સમેલન નનીટન,કોવેન્ટ્રીની નજીક ૨૬મી એપ્રીલ ૨૦૦૯ ના રાખવામા આવેલ છે. થીમ છે ગોઇંગ ગ્રીન વધુ માહિતી માટે ધીરૂભાઇ નો સંર્પક કરવા વિનતી.

# વેનડલ વોક

આ વર્ષે વેનડલ વોક શનિવાર ૯ મે ૨૦૦૯ ના છે. ૩,૬,૯,૧૬ અને ૨૬ માઇલ ની સ્પર્ધા છે. તમો બાઇક કે સ્વીમ પણ કરી શકો છો. વધુ માહિતી નાનુભાઇ મિસ્ત્રી. ૦૧૬૦૪ ૭૮૪૮૬૪. બધા નામો ની યાદી ૩૦ મી એપ્રીલ ૨૦૦૯ પહેલા આવી જરૂરી છે.